# બેરોજગાર યુવાવર્ગ ભરતીની વાટમાં ચિંતિત

**શિક્ષણ વિભાગની ભરતીઓમાં અનિયમિતતાના કારણે યુવાવર્ગ અને તેમના પરિવારોનું ભાવિ અંધકારમય બન્યું : ભરતી બાબતેની રજૂઆતો અવારનવાર કરવા છતાં કોઈ નિરાકરણ નહીં**

ગાંધીનગર, તા.૨
સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતા ઉમેદવારો અને તેમના પરિવારોની ચિંતામાં વધારો થયો છે. બેરોજગાર ઉમેદવારો અને તેમના પરિવારોનું ભાવિ અંધકારમય બની ગયું છે, જેનું એક માત્ર કારણ છે શિક્ષણ વિભાગની અનિયમિત ભરતીઓ અને અનિયમિત પરીક્ષાઓ. નિર્ધારિત સમયગાળામાં સરકારી ભરતીઓ ન થવાના કારણે બેરોજગાર યુવાવર્ગની ચિંતામાં વધારો થયો છે.

નવુ મંત્રીમંડળ આવ્યુ ત્યારે ૧૦૦ દિવસમાં જ શિક્ષણ સહાયકની ભરતી પૂર્ણ કરવાના વચન આપ્યા હતા પરંતુ શિક્ષણ સહાયકની ભરતીની હજી જાહેરાત પણ નથી કરવામાં આવી. અગાઉ ટાટની નવી ભરતીનો વાયદો કરી આંદોલન દબાવવામાં આવ્યું હતું તેમ બેરોજગાર યુવાવર્ગનું કહેવું છે. વર્ષ ૨૦૧૮-૧૯માં શિક્ષણ વિભાગ દ્વારા ધો. ૯ થી ૧૨માં શિક્ષણ સહાયકની ભરતી કરી હતી. તે સમયે ૧.૨૦ નિયમ અમલી બનાવવામાં આવ્યો હતો.

જેના કારણે મંજુર થયેલી જગ્યાઓ માટે ટાટ પાસ લાયક ઉમેદવારો હોવા છતાં કોઈ જગ્યા ભરી નહોતી. ત્યારે ઉમેદવારો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આ વિરોધને અટકાવવા માટે શિક્ષણમંત્રી અને ભરતી બોર્ડ દ્વારા કહેવામાં આવ્યું હતું કે જૂન-જુલાઈ-૨૦૨૧માં અમે નવી ભરતી કરીશુ અને એવો વાયદો કર્યો હતો જેમાં કોઈ પણ પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી. ઉમેદવારો દ્વારા મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, શિક્ષણ વિભાગ, ભરતીબોર્ડને રૂબર મળી ૩૦ થી વધારે વખત રજૂઆતો કરાઈ છે. તેમાં કોઈ સત્તાધીશોએ આ રજુઆતો અંગે કાર્યવાહી હાથ ધરી નથી. બેરોજગાર યુવાનોને શિક્ષણમંત્રી દ્વારા દર વખતે એવું કહીને પાછા મોકલી દેવાય છે કે અમે ટૂંક સમયમાં ભરતી કરીશુ પણ તેમનો ટૂંક સમય હજી સુધી આવ્યો જ નથી. ધોરણ ૯ થી ૧૨ માં શિક્ષણ સહાયકની ભરતી ન થતાં હજારો બેરોજગાર ઉમેદવારો અને તેમના પરિવારોનું ભાવિ અંધકારમય બન્યુ છે. સત્વરે ભરતી જાહેર કરવામાં નહીં આવે તો ઉમેદવારો દ્વારા ગાંધી માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી આપી છે.

## કેન્સર પીડિતોમાં હકારાત્મક અભિગને પ્રોત્સાહન આપવાનો હેતુ સાથે કેન્સર જાગૃતિ કાર્યક્રમ

અમદાવાદ, તા. ૨
બિલીવ ફાઉન્ડેશનના ૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે ‘‘એહાસાસ-એ-ઝિંદગી’’ કેન્સર જાગૃતિ કાર્યક્રમ ૩ જુલાઈ-૨૦૨૨ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, અપંગ માનવ મંડળની સામે, આઈઆઈએમ-એ રોડ, પાંજરાપોળ, અમદાવાદ ખાતે ૨ થી ૫ વાગ્યા વચ્ચે યોજાઈ રહ્યો છે. કેન્સરના દર્દીઓને શક્તિ અને આત્મવિશ્વાસ સાથે તેમનું જીવન જીવવા માટે પ્રેરિત કરવા અને કેન્સર વિશે જાગૃતિ માટે પ્રતિષ્ઠિત ન્યુરો-સ્પાઈન સર્જન અને રેડિયેશન ઓન્કોલોજિસ્ટ પણ જોડાઈ રહ્યા છે.

# આજથી અરવિંદ કેજરીવાલ બે દિવસની ગુજરાત મુલાકાતે

**આજે ‘આપ’ના નવનિયુક્ત ૭૫૦૦ પદાધિકારીઓને શપથ લેવડાવશે : આવતીકાલે વીજળી મુદ્દે ગુજરાત સરકારને ઘેરશે : ગુજરાતમાં પહેલાં સીએમ અને સીઆર મફત વિજળી લેવાનું બંધ કરવા ઇસુદાનનો પડકાર**

ગાંધીનગર, તા.૨
આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવીએ આજે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બે દિવસની ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. અરવિંદ કેજરીવાલ ગુજરાત રાજ્યના બીજા સૌથી મોટા સંગઠનમાં ૭૫૦૦ પદાધિકારીઓને શપથ લેવડાવવા માટે ગુજરાત આવી રહ્યા છે, જેમાં હાલમાં ૬હજારથી વધુ પદાધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે અને આ પહેલા ૧૫૦૦ હોદ્દેદારોનું સંગઠન જાહેર કરવામાં આવ્યું હતું.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આવતીકાલે બપોરે ૨ કલાકે અમદાવાદ પહોંચશે ત્યારબાદ નવનિયુક્ત પદાધિકારીઓ શપથ ગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહી નવનિયુક્ત હોદ્દેદારોને શપથ લેવડાવશે. આ કાર્યક્રમ નરોડામાં મેવાડા પાર્ટી પ્લોટ ખાતે યોજાશે આ કાર્યક્રમમાં કેજરીવાલ હોદ્દેદારોને શપથ લેવડાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આમ આદમી પાર્ટીએ છેલ્લા મહિનાથી સમગ્ર ગુજરાતમાં ફ્રી વીજળી આંદોલન શરૂ કર્યું છે. અરવિંદ કેજરીવાલ તા.૪થી જુલાઈના રોજ સવારે ૧૧ કલાકે વૈષ્ણોદેવી સર્કલ પાસેના શ્રી શક્તિ કન્વેન્શન સેન્ટર ખાતે વીજળીના મુદ્દે યોજવામાં આવેલા ટાઉનહોલ કાર્યક્રમમાં મફત વિજળી આંદોલનને આગળ ધપાવશે. આ કાર્યક્રમ બાદ અરવિંદ કેજરીવાલ અમદાવાદ એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે. આ કાર્યક્રમ અંગે માહિતી આપતાં ઈસુદાને ગુજરાતમાં પણ મુખ્યમંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે મફત વિજળી લેવાનું બંધ કરવું જોઈએ તેવો પડકાર ફેંક્યો હતો. આ સાથે તેમણે કહ્યું હતું કે "જ્યાં સુધી મફત વીજળી નહીં મળે ત્યાં સુધી આમ આદમી પાર્ટીનું ફ્રી વીજળી આંદોલન ચાલુ રહેશે. અત્યારે ભાજપની સરકાર છે, પરંતુ આવનારા સમયમાં જ્યારે આમ આદમી પાર્ટીની સરકાર બનશે, ત્યારે સૌથી મહત્વનો મુદ્દો હશે કે નાગરિકોને મફત વીજળી આપવી જોઈએ."

# શહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધના નિયમના લીરેલીરા

**બજારોમાં વેપારીઓ દ્વારા પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ યથાવત : નિયમોનો ભંગ**





ગાંધીનગર, તા. ૨
મોદી સરકારે ૧ જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણપણે પ્રતિબંધ લાદવાનો નિર્ણય કર્યો જેમાં ૧ જુલાઈથી ગાંધીનગરમાં પણ સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણપણે પ્રતિબંધ લાગુ પાડ્યો છે. પરંતુ ગાંધીનગરમાં સરકારના આ નિયમનું પાલન સંપૂર્ણપણે અમલીકરણમાં મુકાયું નથી જેના દશ્યો જોઈ શકાય છે. ગાંધીનગરમાં શાકમાર્કેટ ઉપરાંત ઘણી દુકાનોમાં હજી પણ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. લાગે છે વેપારીઓને આ નિયમોની સભાનતા જ નથી. જાહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક જોવા મળી રહ્યું છે.

ગાંધીનગરમાં રહેલા નાગરિકો જેમાં મધ્યમ અને ગરીબ વર્ગના નાગરિકો તો અવશ્ય શાકમાર્કેટમાં કે નાની-મોટી ચીજવસ્તુઓની ખરીદી માટે કપડાની થેલીઓ રાખતા હોય છે, જ્યારે હાઈપ્રોફાઈલ પરિવારો દરેક ચીજવસ્તુઓની ખરીદી માટે પ્લાસ્ટિકની બેગ પર નિર્ભર જોવા મળે છે. નાગરિકોએ વેપારીઓ પાસેથી પ્લાસ્ટિકની બેગ લેવાનું જ બંધ કરવું જોઈએ.

સિંગલ યુઝ પ્લાસ્ટિક્સ કે જે થ્રો-અવે પ્લાસ્ટિક તરીકે ઓળખાય છે જેને માત્ર એક જ વખત ઉપયોગમાં લેવા માટે બનાવવામાં આવે છે. રોજિંદા ઉપયોગ માટે ઉપયોગમાં લેવાતાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગ્યો છે જેમાં ઈયરબડ્સ, સિગારેટના પેકેટો, પ્લાસ્ટિકના ઝંડા, કેન્ડી અને આઈસક્રીમના રેપ્સ, સજાવટ, ફુગ્ગાઓ, પ્લાસ્ટિકના ગ્લાસ, કપ, પ્લેટો, કટલરી, ક્રેઝ, પેકેજિંગ અથવા રેપિંગ વગેરે વ્યવસાયોને આ પ્લાસ્ટિક પર પ્રતિબંધ અસરગ્રસ્ત થયો છે.

### સિંગલ યુઝ પ્લાસ્ટિક સાથે સંકળાયેલા આરોગ્યના જોખમો ક્યા છે ?

સિંગલ યુઝ પ્લાસ્ટિકને રિસાયકલ કરવું પડકારજનક છે તે પૃથ્વીની ઈકો સિસ્ટમમાં ફેલાઈ ચૂક્યુ છે અને તે માણસની ફૂડ સાયકલને ખરાબ રીતે અસર કરે છે. માઈક્રો પ્લાસ્ટિક્સના સંપર્કમાં આવવાથી સ્વાસ્થ્યને પણ નુકશાન થાય છે. આપણે દરરોજ માઈક્રો પ્લાસ્ટિકનું સેવન શ્વાસ લેતા સમયે કરીએ છીએ. એકવાર માઈક્રો પ્લાસ્ટિક શરીરની અંદર ગયા પછી આ નાના પ્લાસ્ટિકના કણો શરીરમાં હોર્મોન સંબંધિત સમસ્યા, વંધત્વ તથા AOHO અને ઓટિઝમ જેવા ન્યુરો ડેવલપમેન્ટલ ડિસઓર્ડર જેવી સમસ્યાને જન્મ આપી શકે છે. આ ઉપરાંત ઘણા બધા ગંભીર રોગો થાય છે.

### આ પ્રતિબંધ પર્યાવરણ અને આરોગ્યને કેવી રીતે મદદ કરે છે ?

એક અંદાજ મુજબ ૧૫ ટકા જેટલુ પ્લાસ્ટિક બાળવામાં આવે છે. આ પ્લાસ્ટિકને બાળી નાખવાથી વાતાવરણમાં ડાયોકિસન્સ, ફ્યુરન, પારો, પોલિકલોરિનેટેડ બાયફિનાઈલ્સ જેવા જોખમી રસાયણો નીકળે છે. જે મનુષ્યો, પ્રાણીઓ અને વનસપ્તિઓના સ્વાસ્થ્યને જોખમમાં મુકે છે. આપણે બેજવાબદારભર્યુ વર્તન કરીને નફા માટે પર્યાવરણનો નાશ કરી રહ્યા છીએ. પ્લાસ્ટિકને બાળવાથી હવાના પ્રદૂષણમાં નોંધપાત્ર વધારો થાય છે અને ડમ્પસાઈડની નજીકના રહેવાસીઓ અને કર્મચારીઓમાં શ્વસનની બિમારીઓ અને કેન્સર થવાનું જોખમ વધે છે. પ્લાસ્ટિક જેવી વસ્તુઓનું ઉત્પાદન કરવાનો કોઈ અર્થ નથી જેનું મૂલ્ય અમુક મિનિટો માટેનું છે.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે નવી ફાયર ટેસ્ટિંગ લેબોરેટરી બનાવાશે

ગાંધીનગર, તા.૨
ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ગાંધીનગર દેશમાં અગ્નિ સલામતીના ક્ષેત્રમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક નવી અગ્નિ પરીક્ષણ પ્રયોગશાળાની સ્થાપના કરીને અને ઘણી વિદ્વતાપૂર્ણ પ્રવૃત્તિઓ હાથ ધરીને ફાયર સેફ્ટી એન્જિનિયરિંગમાં તેના પ્રયત્નોને વધારવા જઈ રહી છે.

ભારતના અગ્રણી અગ્નિશામક સાધનોના ઉત્પાદકોમાંના એક, અમદાવાદ સ્થિત શાહ ભોગીલાલ જેઠાલાલ એન્ડ બ્રધર્સના મેનેજિંગ પાર્ટનર મુકેશ શાહે આ હેતુ માટે સહયોગ પુરો પાડયો છે. તેમના આ સહકારની પ્રશંસારૂપે, સંસ્થા મુકેશ શાહના દાદા અને શાહ ભોગીલાલ જેઠાલાલ એન્ડ બ્રધર્સના સ્થાપકની યાદમાં તેની નવી અગ્નિ પરીક્ષણ સંશોધન પ્રયોગશાળાનું નામ ‘શાહ ભોગીલાલ જેઠાલાલ પેસિવ ફાયર સિસ્ટમ ટેસ્ટિંગ લેબોરેટરી’ રાખશે.

આઈઆઈટી ગાંધીનગર તેના સેન્ટર ફોર સેફ્ટી એન્જીનિયરિંગ દ્વારા સલામતીના ક્ષેત્રમાં ઉચ્ચસ્તરના સંશોધન અને ગુણવત્તાયુક્ત શિક્ષણને અનુસરે છે, જે સલામતીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે અને મુખ્યત્વે આગ સામે સલામતી પર કેન્દ્રિત છે. અંડરરાઈટર્સ લેબોરેટરી, યુએસએના સહયોગથી આઈઆઈટી ગાંધીનગર ખાતે દક્ષિણ એશિયામાં પ્રથમ ફેસેડ ફાયર ટેસ્ટ સુવિધા પણ સ્થાપવામાં આવી હતી. નવી લેબોરેટરી બહુમાળી ઈમારતો, એરપોર્ટ, મેટ્રો રેલ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં બિલ્ડિંગ તત્વોના નિર્ણાયક પરીક્ષણ દ્વારા આગ સલામતી વધારવામાં મદદ કરશે.

આ સાથે, સંસ્થા ફાયર સેફ્ટી એન્જિનિયરિંગ પર વિશેષ ભાર સાથે સેન્ટર ફોર સેફ્ટી એન્જિનિયરિંગની વિવિધ પ્રવૃત્તિઓને પણ વધારવા જઈ રહી છે. આમાં પ્રયોગશાળાના વિકાસ અને સંવર્ધન, અભ્યાસક્રમોનું શિક્ષણ, પ્રખ્યાત વિદ્વાનોને મુલાકાતી પ્રોફેસર અથવા નિવાસી વિદ્વાનો તરીકે આમંત્રિત કરવા, અને આ ક્ષેત્રમાં પરિસંવાદો, પરિષદો, અથવા અન્ય વિદ્વતાપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

## ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભની વિવિધ રમતોમાં વિજેતા બનેલ ટીમ-ખેલાડીઓના પુરસ્કાર જોગ

ગાંધીનગર, તા.૨
ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરીના સંયુકત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૮મી ફેબ્રુઆરી થી તા. ૨૯મી મે, ૨૦૨૨ સુધી ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખેલ મહાકુંભ શાળા/ગ્રામ્ય/તાલુકા/ઝોન/જિલ્લા/મહાનગરપાલિકા/ઝોન (ટીમ રમત) તથા રાજ્યકક્ષાની સ્પર્ધાઓ યોજાઇ હતી.

આ ખેલમહાકુંભ-૨૦૨૨ જીલ્લા/મહાનગરપાલિકાકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય (વ્યક્તિગત તથા ટીમ રમતો)માં જે વિજેતા થયેલ છે તેવા ઈનામને પાત્રતા ધરાવતા ખેલાડીઓએ રોકડ પુરસ્કારના ફોર્મ ભરેલ ન હોય તેવા ખેલાડીઓએ તા:.૦૮/૦૭/૨૦૨૨ સવારે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ‘સી’ વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતે રૂબરૂ જમા કરાવવાના રહેશે. સમય મર્યાદાબાદ આવેલ રોકડ પુરસ્કાર ફોર્મની વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જેની જવાબદારી વિજેતા ખેલાડી/ટીમ/શાળા/સંસ્થાની રહેશે, જેની નોંધ લેવા જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ગાંધીનગરે જણાવ્યું છે.

# યુવાનો મુકો મોબાઈલ સાઈડમાં અને કહો "હેલ્લો જીંદગી"

**સોશિયલ મિડીયા ક્રેઝી યુવા પેઢીને નવો રાહ ચિંધતી ગાંધીનગરની દિકરી નિર્માત્રી-અભિનેત્રી વિવેકા પટેલની નવી ગુજરાતી ફિલ્મ "હેલ્લો જીંદગી" : સંપૂર્ણ પારિવારિક એવી આ ફિલ્મમાં પીઢ અભિનેતા જીતેન્દ્ર ઠક્કરની પણ મહત્વની ભૂમિકા**

ગાંધીનગરઃ તા.૦૨
તાજેતરમાં જ સિનેમાઘરોમાં રીલિઝ થયેલી નવી અર્બન ગુજરાતી ફિલ્મ "હેલ્લો જીંદગી"નું નિર્માણ ગાંધીનગરની યુવા નાટ્ય અને ફિલ્મ અભિનેત્રી વિવેકા પટેલે કર્યું છે. આ ઉપરાંત આ ફિલ્મમાં અન્ય પાંચ કલાકારો પણ ગાંધીનગરના છે. સૌથી મહત્ત્વની વાત તો એ છે કે "હેલ્લો જીંદગી" ફિલ્મ સ્માર્ટ ફોનના આજના સાંપ્રત યુગમાં બાળકો અને યુવાનોમાં સતત વધી રહેલાં સોશિયલ મીડિયાના વળગણના દુષણ સામે વાસ્તવિકતા અંગે સમજણ સાથેની જાગૃતિ ફેલાવે છે. ફિલ્મમાં હીરો રાજન રાઠોડે ફિલ્મનું દિગ્દર્શન કર્યુ છે અને ગુજરાતી નાટક-સિનેમાના જાણીતા પીઢ કલાકાર જીતેન્દ્ર ઠક્કર પણ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે.

ગાંધીનગર અને અમદાવાદ સહિત ગુજરાતભરના સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહેલી નવી અર્બન ગુજરાતી ફિલ્મ "હેલ્લો જીંદગી" દર્શકોને ખુબ પસંદ આવી રહી છે. આ ફિલ્મનું નિર્માણ ગાંધીનગરની યુવા અભિનેત્રી વિવેકા પટેલે કર્યુ છે જેમાં તેણે પોતે મુખ્ય નાયિકાનું પાત્ર પણ ભજવ્યું છે, જ્યારે નાયકના પાત્રમાં "સાહિલ" ફિલ્મથી જાણીતા બનેલા રાજન રાઠોડ છે જેમણે આ ફિલ્મનું દિગ્દર્શન કર્યુ છે. આ ઉપરાંત "હેલ્લો જીંદગી"માં ગુજરાતી નાટક-સિનેમાના જાણીતા પીઢ કલાકાર જીતેન્દ્ર ઠક્કર પણ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે. ફિલ્મનું શુટિંગ ગાંધીનગર-હિંમતનગર સહિત આસપાસના લોકેશનમાં કરાયું છે. જાણીતા ફિલ્મ નિર્માતા રાજેશ ઠક્કરે "હેલ્લો જીંદગી" વિશે જણાવતા કહ્યું છે કે ઓનલાઈનના જમાનામાં મોબાઈલમાં વ્યસ્ત રહેતા યુવા ધનને વાસ્તવિક જીવનમાં કોઈ રસ નથી. કુદરતના ખોળે બેસીને જીવન નથી જીવવું કે તેનો અહેસાસ કરવાનો સમય નથી અને જ્યારે તે સમજાય છે ત્યારે શું થાય છે તે આ ફિલ્મમાં ખૂબ સુંદર રીતે દર્શાવ્યું છે." હાલ રાજ્યભરમાં બે સપ્તાહથી સફળ રીતે ચાલી રહેલી ગુજરાતી અર્બન ફિલ્મ "હેલ્લો જીંદગી" ગાંધીનગરના દર્શકોને પોતિકી ફિલ્મ હોવાનો અહેસાસ આપી રહી છે.








### વિવેકા પટેલ સહિત ફિલ્મમાં કુલ છ કલાકારો ગાંધીનગરના

ફિલ્મમાં જેટલા પાત્રો છે તે પૈકી કુલ છ પાત્રો ગાંધીનગરના કલાકારો ભજવ્યા છે જેમાં વિવેકા પટેલ ઉપરાંત નિશા જાની, શિવાંગ રાવલ, નિવૃત વેટરનરી તબીબ ડૉ. પ્રશાંત પંચલોથીયા, શ્રુતિ બારોટ અને કિશોર નાયકનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિવેકા પટેલ અગાઉ રાજન રાઠોડ સાથે ફિલ્મ "સાહિલ"માં જાણીતા હિન્દી ફિલ્મોના દિગ્ગજ અભિનેતા પ્રેમ ચોપડા સાથે અભિનયના અજવાળા પાથરી ચૂક્યાં છે. આઈટી ક્ષેત્રે ઈજનેરીનો અભ્યાસ કરનાર વિવેકા પટેલ ગાંધીનગરના સેક્ટર-૨૬માં રહે છે અને તેઓ પોલીસ ઈન્સ્પેક્ટર સ્વ.વી.આર.પટેલના દિકરી છે, તેમણે માતા ઉર્મિલાબેનના પ્રોત્સાહનથી અભિનય ક્ષેત્રે કારકિર્દી ઘડવાનું સ્વપ્ન પૂર્ણ કર્યુ છે.